ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો-
૧૯૭૪ના વિનિયમ ક્રમાંક: ૮(૫), ૮(૧૩),
૮(૧૪)માં સુધારા કરવા બાબત.

ગુજરાત સરકાર

શિક્ષણ વિભાગ,

ઠરાવ ક્રમાંક-મશબ/૧૧૧૮/૭૧૦/છ

સચિવાલય, ગાંધીનગર.

તા.૨૮/૦૬/૨૦૧૮

વંચાણે લીધા:-

(૧) અધ્યક્ષશ્રી,ગુ. મા. અને ઉ. મા. શિક્ષણ બોર્ડના તા.૨૮/૦૫/૨૦૧૮ના પત્રક્રમાંક:-મઉમશબ/૨૦૧૮/03.

આમુખ:

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના સંદર્ભ (૧) ના પત્ર થી ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો-૧૯૭૪ ના વિનિયમ ૮(૫), ૮(૧૩), ૮(૧૪) માં સુધારો કરવા અંગે દરખાસ્ત કરવામાં આવેલ હતી. જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:-

પુખ્ત વિચારણાને અંતે આ સાથે સામેલ પત્રક (૧) મુજબ ગુજરાત માધ્યમિક વિનિયમો -૧૯૭૪ના વિનિયમ ક્રમાંક ૮(૫), ૮(૧૩), ૮(૧૪)ની જોગવાઇઓ આથી રદ કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેના નામે,

(એસ.બી.કરોડે)
સેકશન અધિકારી
શિક્ષણ વિભાગ

પ્રતિ,

-માન. મંત્રીશ્રી (શિક્ષણ) ના અંગત સચિવશ્રી , સ્વર્ણિમ સંકુલ -૧, સચિવાલય, ગાંધીનગર.

-અધ્યક્ષશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.

-નિયામકશ્રી, શાળાઓની કચેરી, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

Scanned with CamScanner

-ખાસ ફરજ પરના અધિકારીશ્રી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ (પરીક્ષા વિભાગ), વડોદરા.

-સેકશન અધિકારીશ્રી, ગ/ગ૧ શાખા, શિક્ષણ વિભાગ, સચિવાલય , ગાંધીનગર.

-સેકશન અધિકારીશ્રી , કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ, ગાંધીનગર.

-ના.સે.અ.સિલેકટ ફાઇલ.

-શાખા સિલેક્ટ ફાઈલ.

## પત્રક -૧

## ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો- ૧૯૭૪

## શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: મશબ/૧૧૧૮/૭૧૦/છ

## તા.૨૧/૦૬/૨૦૧૮

| ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો૧૯૭૪ વિનિયમ ક્રમાંક | હાલની જોગવાઇ | સુચિત સુધારેલ જોગવાઇ |
|---|---|---|
| ૮(૫) | બોર્ડ દ્વારા સંચાલિત આખરી પરીક્ષાનાં પરીણામની સામાન્ય રીતે પુનઃ વિચારણા કરશે અને પોતાના મંતવ્યો કારોબારી સમિતિ અને શૈક્ષણિક સમિતિ હોય તો તેને સાદર કરશે. | રદ કરવાની રહે છે |
| ૮(૧૩) | બોર્ડ દ્વારા સંચાલિત આખરી પરીક્ષાઓનાં પરીણામો જાહેર કરશે અને બોર્ડ વખતો-વખત મંજુર કરે તેવાં ઇનામો., ચંદ્રકો અને શિષ્યવૃતિઓ એનાયત કરશે. | રદ કરવાની રહે છે. |
| ૮(૧૪) | બોર્ડ દ્વારા સંચાલિત દરેક આખરી પરીક્ષાના સંબંધમાં ગુણવત્તાના ધોરણે સફળ થયેલા ઉમેદવારોની અને શિષ્યવૃતિ, ચંદ્રકો , ઇનામો અને બીજા પારિતોષિકો જેમને એનાયત કરવાનાં હોય તે ઉમેદવારોની એક યાદી પરીણામો જાહેર થયા પછી, તરત જ માહિતી બોર્ડને મોકલાવશે. | રદ કરવાની રહે છે. |

Scanned with CamScanner